======================================================================

**C.C. No. 191/2026**

**–:આંક–૧ લગત હુકમ:–**

(૧) આ કામના આરોપી **ચાકુબભાઈ રવિન્દ્રભાઈ ગામીતનાઓની** સામે પુરતો પુરાવો જણાઈ આવતા **બી. એન. એસ. કલમ ૨૮૫ મુજબની** શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત આરોપી સામે મુકવામાં આવેલ છે. આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા તેમને કેસના કાગળોની નકલો આપવામાં આવેલ અને આરોપીની પ્લી લેવામાં આવતા આરોપીએ ગુનાની કબુલાત કરેલ અને ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આરોપીએ ગુનાની કબુલાત પુરશીશ રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ ઘ્યાનમાં લીધા. વિદવાન એ.પી.પી.શ્રીની રજુઆત સાંભળી તથા આરોપીની ગુના કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધા તથા **નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુઘ્ઘ નટવરજી હરચંદજી ઠાકોર,૨૦૦૫ (૧),જી.એલ.આર. પાના નંબર ૭૦૯** ઉપર પ્રસિઘ્ઘ થયેલ ચુકાદો વંચાણે લેતા સદર કામે આરોપીએ ગુનાની કબુલાત અંગે જે કારણો દર્શાવેલ છે તે જોતા આરોપી ગરીબ ઈસમ છે અને બાળ બચ્ચાવાળો ઈસમ છે અને તેના શિરે કુટુંબના ભરણ પોષણની જવાબદારી છે. આરોપી ને ગુનાનો પસ્તાવો થતો હોઈ તેમજ કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે,ગુનેગારને ડામવાનો નથી તથા ગુનેગારને સુધરવાની તક આપી સમાજમાં તેને ફરીથી સન્માનપુર્વક જીવન મળે તેવો કાયદાનો હેતુ છે તથા ઉપરોકત ચુકાદા અનુસાર આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા માટેના પુરતા ગણી શકાય તેવા કારણો છે તેમ આ કોર્ટનું માનવું છે તેમજ આજરોજ સદર કામે આરોપીની કબુલાત તથા દયા અરજ ગ્રાહય રાખી અને કાયદાની સજા કરવા પાછળ નો સુધારાત્મક હેતુ ઘ્યાને રાખી આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોઈ આથી નીચે મુજબ હુકમ કરુ છુ.

======================================================================

**–:આખરી હુકમ:–**

======================================================================

- આ કામના ઉપર જણાવેલા આરોપીને **બી. એન. એસ. કલમ ૨૮૫** અન્વયે **બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૫** મુજબની શિક્ષાને પાત્ર ગુનામાં દોષિત ઠરાવી આરોપીને દંડ **કુલ રૂા. ૧૦૦/–** ફરમાવું છું, જો આરોપી દંડની રકમ ના ભરે તો **દિન–૭ ની સાદી કેદની સજા** ભોગવે તેવો હુકમ કરુ છું.

તારીખ:૧૪/૦૩/૨૦૨૬
સ્થળ: સોનગઢ.

**(એમ.ડી.પરમાર)**
જજ કોડ નં. જીજે ૦૧૩૦૪
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, સોનગઢ.

======================================================================